અપીલ અરજી નં.૮૨ તા.૨–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૦–૫–૧૦ ની અરજીથી (૧) હરિઓમ ઈન્ડ. સો. વિ–૧–૨ માં કુલ કેટલા પ્લોટો છે? આ પ્લોટો પૈકીના કેટલા પ્લોટોમાં બાંધકામ થયેલ છે તથા કેટલા પ્લોટો બાંધકામ વિનાના છે તેની માહિતી આપશો. (૨) તૈયાર થયેલ બાંધકામો પૈકીના કેટલા બાંધકામો મંજુર પ્લાન મુજબના છે તથા કેટલા પ્લાન મંજુર પ્લાન વિરૂધ્ધના છે તેની બાંધકામધારકના નામ , સરનામા સહિત વિગતવાર માહિતી આપશો તથા મંજુર પ્લાન વિરૂધ્ધના બાંધકામધારકો વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની વિગતવાર માહિતી આપશો. (૩) આ સોસાયટીમાં કુલ કેટલા સી.ઓ.પી. છે. સી.ઓ.પી. પ્લોટ હાલમાં કેટલા ખુલ્લા છે કે તેના પર બાંધકામ થયેલા છે? બાંધકામો થયા હોય તો તે બાંધકામો કોની મંજુરીથી કરવામાં આવ્યા તેની વિગતવાર માહિતી આપશો અને મુજુરી ન આપી હોય તો તેના વિરૂધ્ધમાં અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૬–૧૦ ની **SMC/FAP/** નં.૮૨/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૦–૫–૧૦ ની અરજી બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન./આ./૨૯૪ તા.૨૮/૫/૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૬ તા. ૯–૬–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૩૧૫ તા.૨૮–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અને અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૯૪ તા.૨૮–૫–૧૦ ના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૦–૫–૧૦ ની અરજીથી માહિતી માંગતી મુદ્દા નં.૧ થી ૩ ની અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૯૪ તા.૨૮–૫–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૨–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ તે અંગે અરજદાર કઈ બાબતે નારાજગી છે તે જણાવેલ નથી. જેમાં મુદ્દા નં.(૧) હરિઓમ ઈન્ડ. સો. વિ–૧–૨ માં કુલ કેટલા પ્લોટો છે? આ પ્લોટો પૈકીના કેટલા પ્લોટોમાં બાંધકામ થયેલ છે તથા કેટલા પ્લોટો બાંધકામ વિનાના છે તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હરીઓમ. ઈન્ડ. વિભાગ–૧ તથા ૨ માં સુડા ધ્વારા આપવામાં આવેલ વિકાસ પરવાનગી મુજબ અનુક્રમે ૨૦૮ તથા ૪૧૯ પ્લોટોમાં બાંધકામ મંજુર કરવામાં આવેલ. તેવું જણાવેલ છે. પરંતુ અરજદારને કેટલા પ્લોટોમાં બાંધકામ થયેલ છે અને કેટલા પ્લોટોમાં બાંધકામ થયેલ નથી તેની માહિતી આપેલ જણાતી નથી. (૨) તૈયાર થયેલ બાંધકામો પૈકીના કેટલા બાંધકામો મંજુર પ્લાન મુજબના છે તથા કેટલા પ્લાન મંજુર પ્લાન વિરૂધ્ધના છે તેની બાંધકામધારકના નામ , સરનામા સહિત વિગતવાર માહિતી આપશો તથા મંજુર પ્લાન વિરૂધ્ધના બાંધકામધારકો વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મંજુર પ્લાન વિરૂધ્ધના બાંધકામો સામે ઝોન કચેરીથી મનાઈ હુકમ તથા કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. પરંતુ તેવા બાંધકામધારકોની વિગતો આપેલ નથી. (૩) આ સોસાયટીમાં કુલ કેટલા સી.ઓ.પી. છે. સી.ઓ.પી. પ્લોટ હાલમાં કેટલા ખુલ્લા કે તેના પર બાંધકામ થયેલા છે?બાંધકામો થયા હોય તો તે બાંધકામો કોની મંજુરીથી કરવામાં આવ્યા તેની વિગતવાર માહિતી આપશો અને મુજુરી ન આપી હોય તો તેના વિરૂધ્ધમાં અત્યાર સુધીમાં આપના વિભાગે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હરીઓમ. ઈન્ડ. વિ–૧ અને ૨ માં સુડા ધ્વારા આપવામાં આવેલ વિકાસ પરવાનગી મુજબ અનુક્રમે ૨ (બે)તથા ૪ (ચાર) સીઓપી મંજુર કરવામાં આવેલ છે તે સિવાયની કોઈ વિગત રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. જયારે મુદ્દા નં.૧ અને ૨માં ઉપરોકત નિર્દિષ્ટ કર્યા મુજબની માહિતી પૂરી પાડેલ જણાતી નથી તથા સદર માહિતી દફતરે ઉપલબ્ધ છે કે કેમ? તે વિશે કોઈ પ્રકાશ પાડેલ નથી. જયારે આપેલ નોટીસ અંગે સંખ્યા તથા અરજદારે માંગ્યા મુજબ નામ, સરનામા સહિતની તેટલા પૂરતી વિગત આપેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૦–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે મુદ્દા નં.૧ ની બાકી માહિતી અંગે કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની પ્રક્રિયા અનુસરી દફતરી તપાસણી પૂરી પાડી તથા મુદ્દા નં.૨ અંગે દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં સદર માહિતી પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,